# 3 એક સંસ્કૃત ગામ

# અભ્યાસ

## સ્વાધ્યાય

મૌખિક

૧. **વૈદિક કાળ દરમ્યાન ગુરુકુળ પરંપરા અંતર્ગત શિક્ષણ કેવી રીતે આપવામાં આવતું હતું ?**

વૈદિકકાળ દામિયાન ગુરુકુળ પરંપરા અંતર્ગત સંસ્કૃત ભાષામાં કંઠોપકંઠ શિક્ષણ આપવામાં આવતું હતું.

૨. **વિદ્યાર્થીઓને (શિષ્યોને) ક્યાં જઈને શિક્ષણ મેળવવું પડતું હતું ?**

વિદ્યાર્થીઓ (શિષ્યોને) ગુરુકુળમાં જઈને શિક્ષણ મેળવવું પડતું હતું.

૩. **તમારી માતૃભાષા કઈ છે? ચર્ચા કરવી. ( વિદ્યાર્થીઓ સહભાગી થશે. )**

## લિખિત

૧. **સાચા ઉત્તર સામે ✓ નું નિશાન કરો.**

**૧. આપેલી કૃતિમાં કયા ગામ વિશે માહિતી આપી છે?**

- ☐ વારાણસી
- ☐ અયોધ્યા
- ☑ મટુર
- ☐ વૃંદાવન

**૨. આપેલ કૃતિનું ગામ કયા રાજ્યમાં આવેલું છે?**

- ☐ મહારાષ્ટ્ર
- ☑ કર્ણાટક
- ☐ પંજાબ
- ☐ તમિલનાડું

**૩. મટુર ગામમાં લોકો કઈ ભાષામાં વાતચીત કરતાં?**

- ☐ મરાઠી
- ☑ સંસ્કૃત
- ☐ હિન્દી
- ☐ ગુજરાતી

૨. **નીચે આપેલા પ્રશ્નોના એક - એક વાક્યમાં જવાબ લખો.**

**૧. મટુર ગામ કઈ નદીના કિનારે આવેલું છે?**

મટુર ગામ તુંગા નદીના કિનારે આવેલું છે.

**૨. મટુર ગામની શેરીઓમાંથી શેનો અવાજ સભળાય છે?**

મટુર ગામની શેરીઓમાંથી વેદમંત્રોના અવાજ સાંભળવામાં આવે છે.

**૩. મટુર ગામના બાળકો કેવાં જોવાં મળે છે?**

મટુર ગામના બાળકો આપણને ધોતી પહેરેલા તેમજ માથા પર શીખા રાખેલા દેખાશે.

૩. **નીચે આપેલા પ્રશ્નોના બે– ત્રણ વાક્યમાં જવાબ લખો.**

**૧. કૃતિ પ્રમાણે આપણું ભારત કઈ રીતે સંપન્ન છે?**

આપેલી કૃતિ પ્રમાણે આપણા ભારતમાં આવેલ કર્ણાટક રાજ્યના મટુર ગામની વિશેષતા જોઈએ તો આ તુંગા નદીના કિનારે આવેલ ગામ અતિ નિર્મળ, સ્વચ્છ અને સૌંદર્યથી ભરેલું તેમજ સંસ્કૃતિ પ્રદાન અને સાદગી ભર્યું છે. તે ગામની શેરીઓમાંથી પસાર થતાં ત્યાંની સાંસ્કૃતિક પરિસ્થિતિ જોવા મળે છે. ત્યાંની શેરીઓ માંથી વેદમંત્રોના અવાજ સાંભળવા મળે છે. ગલીઓમાં રમતાં બાળકો આપણને ધોતી પહેરેલ તેમજ માથા પર શિખા રાખેલા દેખાશે. ત્યાં બધા જ લોકો એક બીજા સાથે સંસ્કૃતમાં વાત કરે છે તે આ ગામની વિશેષતા છે. અહીં નદી કિનારે ગુરુકુળ વ્યવસ્થા દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.

આમ આપણું ભારત આવી બધી સંસ્કૃતિ, શિક્ષા દ્વારા પોતાની વિશેષતા દર્શાવે છે.

**૨. મટુર ગામની વિશેષતા જણાવો.**

કર્ણાટક રાજ્યમાં આવેલ આ મટુર ગામ અતિ નિર્મળ, સ્વચ્છ અને સૌંદર્યથી ભરેલું છે તેમજ સંસ્કૃતિ પ્રધાન છે. અહીં નદી કિનારે ગુરુકુળ વ્યવસ્થા દ્વારા સંસ્કૃત ભાષામાં શિક્ષા આપવામાં આવે છે. ત્યાની શેરીઓમાંથી વેદ પઠન મંત્રોનો અવાજ સંભળાય છે. અહીં ભારત તેમજ અન્ય દેશોમાંથી લોકો સંસ્કૃત શીખવા આવે છે. ૨૦ દિવસમાં પોતાના ઘરે જ રાખીને ભાષા શીખવાડે છે. અહીં કોઈ ગેસ્ટહાઉસ કે હોટલ નથી ત્યાંના લોકો જ આતિથ્ય સત્કારની ઉત્તમ વ્યવસ્થા રાખે છે. અહી ઈન્ટરનેટની સાથે સાથે ૨૧ મી સદીની બધી જ મોર્ડન વ્યવસ્થા ઉપલબ્ધ છે. તેથી અહી આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને આધુનિક ભારતની ઝલક પણ દેખાય છે. માટે મટુર ગામ એ એક ભાષા, વૈદિક, સંસ્કૃતિ, આધુનિકરણ અને સામાજિક રીતે સમાજનું એક રત્ન સમાન ગામ છે.

**૩. ગામની ગુરુકુળ વ્યવસ્થા વિશે જણાવો.**

ભારતમાં કર્ણાટક રાજ્યનું આ મટુરગામ આપણા દેશનું અનોખું ગામ છે. અહીં તુંગા નદીને કિનારે ઝાડની નીચે બેસીને ગુરુ શિષ્યોને સંસ્કૃત ભણાવતા જોવા મળશે. પૌરાણિક ગુરુકુળ વ્યવસ્થા આ ગામમાં જોવા મળે છે. આ ગામે એકલા કર્ણાટકને જ લગભગ ૩૦ હજારથી પણ વધુ સંસ્કૃત પ્રોફેસર આપ્યા છે.

**૪. નીચે આપેલા પ્રશ્નોનો વિસ્તૃત જવાબ લખો.**

**૧. મટુર ગામમાં સંસ્કૃત ભાષા નું મહત્વ કેવી રીતે દર્શાવ્યું છે? તે તમારા શબ્દોમાં જણાવો.**

આપણા ભારત દેશના કર્ણાટક રાજ્યમાં આવેલ મટુર ગામ એક એવી જગ્યા છે, જ્યાં સમયના ૩ થી ૪ હજાર વર્ષ પાછળ જ ના જતાં રહ્યાં હોય એવું લાગે ! આ ગામમાં બધા જ લોકો સંસ્કૃત ભાષામાં જ બોલે છે. આ ગામની શેરીઓમાંથી પસાર થતાં આપણને વેદમંત્રોનો અવાજ સાંભળવા મળે છે. અહીં તુંગા નદીને કિનારે ગુરુકુળ વ્યવસ્થામાં બાળકો સંસ્કૃત શીખે છે.

ગુરુજનો સંપૂર્ણ પૂર્ણ સંસ્કૃત ભાષા ૨૦ દિવસમાં શીખવાડી શકે છે.

**૨. તમારી દેષ્ટિએ ભારતની સંસ્કૃતિની વિશેષતા દર્શાવતા કોઈપણ એક ગામ વિશે માહિતી લખો.**

ભારતની મુખ્ય સંસ્કૃતિ ગામડાઓમાં જોવા મળે છે. તેમાંનું જ એક મેઘાલય રાજ્યમાં આવેલ મોલિનોંગ ગામ. 'મોલિનોંગ' ગામ એ આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ ગામ તરીકે ઊંચું સ્થાન ધરાવે છે. આમ મોલિનોંગ સામાન્યતઃ "એશિયાનું શ્રેષ્ઠ સાફ ગામ" તરીકે ઓળખાય છે અને અહીં આ ગામમાં શ્રેષ્ઠતા, સંગત, સાતત્ય અને એકતાની ભાવના અહીં જોવા મળે છે.

**૩. કોઈપણ એક ભારતીય ભાષા વિશે માહિતી જણાવો.**

આપણા દેશમાં ઘણી બધી ભાષાઓ જોવા મળશે તેમાંની એક મરાઠી ભાષા છે. મરાઠી એ એક ઈન્ડો-આયર્ન ભાષા છે. જે મહારાષ્ટ્રમાં બોલવામાં આવે છે. આ ભાષા મહારાષ્ટ્રની રાજ્ય ભાષા તરીકે ઓળખાય છે. મરાઠીમાં દેવનાગરી લિપિનો ઉપયોગ થાય છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ ઘણી જૂની ભાષા છે. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈ એ દેશની આર્થિક દૃષ્ટિ એ સંપન્ન શહેર છે. અહીં મુખ્યત્વે મરાઠી ભાષા બોલવામાં આવે છે.



# 4 મેઘસવારી

### મૌખિક

**૧. વરસાદ આવતાં પૂર્વે તમને વાતાવરણમાં કયો-કયો બદલાવ દેખાય છે ?**

આકાશમાં કાળાં-ભમ્મર વાદળાં ઘેરાય છે, ઠંડો-ઠંડો પવન ફૂંકાય છે. આકાશ ઘેરું કાળું જોવા મળે છે. વાતાવરણમાં બદલાવ જોવા મળે છે.

**૨. વર્ષાઋતુમાં ખાબોચિયામાં કૂદાં-કૂદ કરતાં દેડકાં શો વિચાર કરતાં હશે ?**

વર્ષાઋતુમાં કૂદાં-કૂદ કરતાં દેડકાં વિચારતાં હશે – ચાલને ! બે-ચાર વખત સળંગ કૂદી લઈએ ! આ ખાબોચિયું તો છીછરું છે ! ડ્રાઉં... ડ્રાઉં... કરવાની મજા કરવી છે !!

**૩. વર્ષાઋતુમાં તમને ખેતરો કેવાં દેખાય છે ?**

વર્ષાઋતુમાં ખેતરો લીલાંછમ દેખાય છે. શરૂઆતમાં વરસાદ આવતાં પહેલાં ખેડૂતો ખેતર ખેડે છે. ધરતીની જમીન કોળી-શ્યામ-માટી રંગની જોવા મળે છે. ત્યારબાદ વરસાદ પડતાં જ વાવણી કરેલા અનાજની કૂંપળો ફૂટી નીકળે છે. સમય જતાં લીલોછમ પાક લહેરાય છે.

**૪. વર્ષાઋતુ દરમ્યાન જોવા મળતી, લીલીછમ પ્રકૃતિનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં વર્ણવો.**

ખેતરોમાં મબલખ પાક લહેરાય છે. ડાંગર, બાજરો અને જુવારના ખેતરમાં ઊભો 'મૉલ (પાક)' તૈયાર થાય છે. મકાઈ અને શેરડીના ખેતરો પણ પાણી વખતસર મળવાથી ભરપૂર 'પાક' વડે લહેરાતાં જોવા મળે છે. ખેતરમાં 'ચાડિયો' ઊભો હોય અને પક્ષીઓ ઊડા-ઊડ કરતાં હોય તે દશ્ય જોવાની મજા પડે છે.

### લિખિત

**૧. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

**૧. કઈ દિશાએથી હાથી જેવડાં વાદળો ઘેરાય છે ?**

ઉત્તર અને દક્ષિણ દિશાએથી 'હાથી' જેવડાં વાદળો ઘેરાય છે. (ઓતરા-દખ્ખણેથી વાદળાં ઘેરાય છે.)

**૨. વરસાદ આવતાં પૂર્વે આકાશમાં શું-શું દેખાય છે ? આકાશ કેવું દેખાય છે ?**

વરસાદ આવતાં પૂર્વે આકાશમાં 'હાથી' જેવડાં વાદળો ઉત્તર અને દક્ષિણ દિશાએથી ઘેરાવા મંડે છે, વીજળીઓના 'તેજ-લિસોટા' થાય છે, આકાશ કાળું-કાળું દેખાય છે.

**૩. વરસાદ વરસે ત્યારે દેડકાં, આગિયાઓ અને તમરાં શું-શું કરે છે ?**

વરસાદ વરસે ત્યારે દેડકાં ખાબોચિયામાં કૂદા-કૂદ કરતાં જોવા મળે છે. આગિયાઓ ચમકારા કરતા ઊડા-ઊડ કરે છે. તેમજ તમરાં અવાજ કરીને તાલબદ્ધ ગાતાં હોય છે.

**૪. કયા-કયા અનાજની વાવણીઓ થાય છે ? (કાવ્યના આધારે ઉત્તર લખો.)**

વરસાદ આવતાં જ (ઘણાં સ્થળોએ) ડાંગર, બાજરો, જુવાર એ મગફળીની વાવણી ખેતરોમાં થતી જોવા મળે છે.

**૫. વરસાદ વરસે ત્યારે ખેડૂત શું કરે છે ?**

વરસાદ વરસે ત્યારે ખેડૂત અનાજની વાવણી કરે છે. તેમજ ખેતરે બળદોની જોડને હળ વડે જોતરીને હાંકતો ખેડૂત મનમાં ખૂબ જ હરખાય છે. (આનંદ પામે છે.)

અથવા

(બળદિયાને ખેતરે લઈ જઈ હાંકતો ખેડૂત હરખાય છે.)

**૬. વર્ષાઋતુ દરમ્યાન ઝાડ પર કયાં ફળો લટકે છે ?**

વર્ષાઋતુ દરમ્યાન ઝાડ પર મોટાં-મોટં જાંબુડાં લટકે છે.

**૭. રસોડે શું રંધાય છે ?**

રસોડે ગરમા-ગરમ રોટલીઓ અને કારેલાંનું શાક રંધાય છે ?

**૮. કાનુડાને શેનો ભોગ ધરાવાય છે ?**

કાનુડાને એલચી કેળાં ને મિસરીનો ભોગ ધરાવાય છે.

**૯. કયા-કયા માસ દરમ્યાન 'વર્ષાકાળ' જોવા મળે છે ?**

અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો માસ દરમ્યાન 'વર્ષાકાળ' જોવા મળે છે ?

**૧૦. 'જળ એ જ જીવન' - પંક્તિનો અર્થ ટૂંકમાં સમજાવો.**

માણસને જીવન જીવવા માટે 'જળ' ખૂબ જ જરૂરી છે. 'હવા, પાણી અને ખોરાક' વડે જ માણસ જીવન જીવી શકે છે. આમ, વર્ષાઋતુ દરમ્યાન વરસાદ વરસે તે ખૂબ જ ઉપયોગી છે. 'જળ' વગર વનસ્પતિઓ, પશુ-પંખીઓ અને માણસજાત જીવી શકે નહિ.

**૨ . કવિતા વાંચી નક્કી કરો કે આ શબ્દો / શબ્દસમૂહોનો કવિતામાં શો અર્થ થાય છે ? સાચા લાગતા વિકલ્પ આગળ ઉકરો.**

**૧. 'હાથી' જેવાં વાદળાં ઘેરાય**

☐ આકાશમાં ઊડતા ઘણાં બધાં હાથી દેખાવા.

☑ ઘણાં મોટાં, 'હાથી' જેવડાં વાદળો છવાઈ જવા

☐ આકાશમાં ઘણાં મોટાં હાથીના ચિત્રો

**૨. અંધારું વાદળથી છવાય.**

☑ આકાશમાં કાળાંડિબાંગ વાદળો છવાઈ જવાથી અંધારું થવું.

☐ વાદળ પર વાદળ છવાઈ જઈને વરસાદ વરસવો.

☐ વાદળાંની પાછળ ચંદ્રમાં છુપાઈ જવાથી અંધારું - અંધારું થવું.

**૩. દેડકાંઓની જમાત ભેગી થાય.**

☐ ૧ થી ૧૦૦ જેટલાં દેડકાંઓ હરોળમાં ઊભા રહે.

☐ એકની પાછળ બીજો દેડકો, ગોઠવાય ને પછી ખાબોચિયામાં કૂદે.

☑ ઘણાંબધાં દેડકાંઓ ખાબોચિયાંની અંદર કૂદાકૂદ કરતાં જોવા મળે.

**૪. મૂશળધાર મેહુલિયો મંડાય**

☑ અનરાધાર, સતત વરસાદ વરસવો.

☐ આકાશમાંથી સીધી લીટીમાં વરસાદ વરસવો.

☐ આકાશમાંથી વરસાદ વરસવો.

**૫. 'મેઘ સવારી'નો ઠાઠ દેખાય.**

☐ સાત ઘોડાંના રથ પર 'મેઘ સવારી' શરૂ થવી.

☑ આકાશમાં 'મેઘ સવારી'નો ઠસ્સો દેખાવો; (ગાજવીજ સાથે મેઘરાજાની પધરામણી થવી.)

☐ ઝબકતી વીજળીઓની વચમાં થોડી-થોડી વારે વરસાદ વરસવો.

**૬. સહુનું કલ્યાણ થાય.**

☐ ગામના માણસોનું હરખાવું, ખુશી થવાથી ઉત્સવ મનાવવો.

☐ બધાંયને સારી રોજગારી મળવાથી આનંદ થવો.

☑ પૃથ્વી પર માનવજાત અને પશુ-પંખી તેમજ પર્યાવરણ-વન્યસૃષ્ટિનું અમૃતરૂપી વરસાદ વરસવાથી ભલું થવું.

## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ | = | મેહુલિયો, પર્જન્ય | ખેતર | = | ખેતીવાડી, ખેત |
| આકાશ | = | આભ, ગગન | ખેડુ | = | ખેડૂત, કૃષક |
| રાત | = | રાત્રિ, રજની | જળ | = | પાણી, સલિલ |

૨. **વિરોધી શબ્દો**

| | | |
|---|---|---|
| કાળું | × | ધોળું |
| ગરમ | × | ઠંડુ |
| રાત | × | દિન |
| મોટું | × | નાનું |
| જીવન | × | મૃત્યુ |

# 5 મને તો મજા પડી

# અભ્યાસ

## સ્વાધ્યાય

**મૌખિક**

**૧. ગુજરાતનાં જાણીતા મંદિરોની વિશેષતાઓ શું તમે જાણો છો ?**

દ્વારિકાધીશનું મંદિર, ડાકોરનું મંદિર, મોઢેરા-સૂર્યમંદિર, વેરાવળ-સોમનાથનું મંદિર, પાવાગઢ-મહાકાળીમાતાનું મંદિર, અંબાજીનું મંદિર વગેરે તેમજ અન્ય મંદિરો તેમજ તેની વિશેષતાઓની ચર્ચા વર્ગખંડમાં કરી શકાય.

**૨. ભારતમાં 'ઓડિશા' રાજ્ય ક્યાં આવેલું છે ?**

ભારતની પૂર્વ-સીમા બાજુ (મધ્ય)

**૩.'ઓડિશા'માં આવેલું જગપ્રસિદ્ધ મંદિર કયું છે ?**

ભગવાન જગન્નાથજીનું મંદિર

**૪. તમારા શહેરમાં અષાઢ માસમાં નીકળી ભગવાન જગન્નાથજીની 'રથયાત્રા' જોઈ છે ?**

હા

**૫. 'રથયાત્રા' નીકળે તે વખતે, તમને સૌથી વધુ કઈ બાબત નવાઈ પમાડે છે ?**

ત્રણ રથ પર આરૂઢ થયેલ બલદેવજી, સુભદ્રાજી અને ભગવાન જગન્નાથજીની ચિત્તાકર્ષક મૂર્તિઓ.

**૬. તમને તમારા વિસ્તારમાં ધાર્મિક ઉત્સવમાં સહુથી વધુ મજા પડે છે ?**

ગણેશોત્સવ, નવરાત્રી, દિવાળી, અન્ય ધર્મના તહેવારો, ઉત્તરાયણ

**મૂલ્યવર્ધક પ્રશ્ન**

**કોઈપણ ખાસ ધાર્મિક પ્રસંગે તમારા ઘરના 'દેવસ્થાન'ને તથા તેમાં બિરાજમાન તમારા 'ઇષ્ટદેવ'ને તમે કેવી રીતે શણગારો છો ? શું તમે આ પ્રવૃત્તિમાં/મનોરથ પૂર્ણ કરવામાં ઘરનાં વડીલને મદદરૂપ થાઓ છો ?**

હા જી. ધાર્મિક પ્રસંગે અમે ઘરનાં તમામ લોકો ભેગાં થઈને ઘરના 'દેવસ્થાન'ને પોતપોતાની આવડત મુજબ શણગારીએ છીએ.

**લિખિત**

**૧. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

**૧. ધાત્રીએ બારીમાંથી કેવું દશ્ય જોયું ?**

ધાત્રીએ બારીમાંથી અવનવું દૃશ્ય જોયું. તેણે જોયું કે ઘણાં બધાં લોકો રસ્તા પરથી આવી રહ્યાં છે અને કેટલાંક રસ્તી આજુબાજુ ઊભાં છે.

**૨. કમુકાકીએ ગજરાજોને કેવી રીતે ચાલ્યા આવતા જોયા ?**

કમુકાકીએ ગજરાજોને પોતપોતાની સૂંઢ ઉલાળતાં ઠસ્સાથી ચાલ્યા આવતા જોયા.

**૩. અષાઢી બીજના દિવસે ક્યા-ક્યા ભગવાનની રથયાત્રા નીકળે છે ?**

અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને બલદેવજીની રથયાત્રા નીકળે છે.

**૪. 'પહિંદ વિધિ' એટલે શું ?**

પહિંદ વિધિ' એટલે સોનાની સાવરણીથી રાજ્યના મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવતી રથયાત્રાના માર્ગની સફાઈ ત્યારબાદ રથયાત્રાનો પ્રારંભ થાય છે. અમદાવાદમાં ગુજરાતના મુખ્યમંત્રી સોનાની સાવરણીથી 'પહિંદ વિધિ' કરીને ત્રણેય રથોને રાજમાર્ગ પર પ્રસ્થાન કરાવે છે.

**૫. ઓડિશાના રાજ્યમાં કયા શહેરમાં રથયાત્રા નીકળે છે ?**

ઓડિશા રાજ્યના 'જગન્નાથપુરી' નામના શહેરમાં રથયાત્રા નીકળે છે.

**૬. ધાત્રી સાથે સહુએ કેવો-કેવો પ્રસાદ લીધો ?**

ફણગાવેલાં મગ, જાંબુ, કેરી, કાકડી અને જાંબુનો પ્રસાદ ધાત્રી સાથે સહુએ લીધો.

**૭. 'અષાઢી બીજ' કયા પ્રદેશના લોકોના નવા વર્ષ તરીકે ઉજવવામાં આવે છે ?**

'અષાઢી બીજ' કચ્છ પ્રદેશના 'કચ્છી' લોકોના નવા વર્ષ તરીકે ઉજવવામાં આવે છે.

**૮. ખેડૂત 'અષાઢી બીજ'ના દિવસે ઉત્સાહથી શું કરે છે ?**

ખેડૂત 'અષાઢી બીજ'ના દિવસે પોતપોતાના ખેતરમાં ખેતીનાં મંડાણ કરે છે અને ખેતર ખેડે છે.

**૯. 'મને તો મજા પડી !' એવું ધાત્રીએ શાથી કહ્યું ?**

ભગવાન જગન્નાથની રથયાત્રા જોઈ, જાંબુડિયા રંગના જાંબુ અને દાડમ તેમજ ફણગાવેલાં મગનો પ્રસાદ લઈ આનંદમાં આવેલી ધાત્રીએ કહ્યું, 'મને તો મજા પડી !'

**૨. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.**

**૧. અમદાવાદના જગન્નાથના મંદિરેથી નીકળતી રથયાત્રાનું વર્ણન તમારા શબ્દોમાં લખો.**

'અષાઢી બીજ'ના દિવસે અમદાવાદના જગન્નાથના મંદિરેથી ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલદેવજીની રથયાત્રા નીકળે છે. જેમાં ગજરાજો, અખાડાઓ, ટેબ્લો ટ્રકો, ખલાસી કોમના લોકો, શહેરના ભાવિક લોકો વગેરે જોડાય છે.

૨. **ઓડિશા રાજ્યમાં રથયાત્રાની શરૂઆત લગભગ ક્યારે થઈ હતી ?**

ભગવાન જગન્નાથ મંદિરના નિર્માણ બાદ, ઓડિશા રાજ્યમાં રથયાત્રાની શરૂઆત લગભગ ૮૦૦ વર્ષ પૂર્વે થઈ હતી.

૩. **અમદાવાદની રથયાત્રામાં દૃશ્યમાન થતા ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને શ્રી બલરામજીના રથના નામ લખો.**

અમદાવાદની રથયાત્રામાં દૃશ્યમાન થતા રથોના 'તાલધ્વજ' નામના રથ પર બલદેવજી, 'પદ્મધ્વજ' નામના રથ પર સુભદ્રાજી અને 'નંદીઘોષ' નામના રથ પર ભગવાન જગન્નાથજી બિરાજમાન થાય છે.

૪. **કચ્છીઓના નવા વર્ષના દિવસે આશાબહેને કેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી ?**

''ગગન ગાજે ને મોરલા બોલે મેં આવ... મેં આવ... આકાશમાં માથે વીજળીઓ ચમકે. ચાલો ભાઈબંધુઓ આપણા કચ્છપ્રદેશમાં, 'અષાઢી બીજ' આવી...'અષાઢી બીજ'ની દિલથી વધામણી !''

૫. **અમદાવાદની ૧૪૬મી રથયાત્રા દરમ્યાન ધાત્રીએ શું જોયું ?**

ધાત્રીએ લગભગ ૧૮ ગજરાજો, ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટેબ્લો સાથેની ટ્રકો, ૧૮ ભજન મંડળીઓ અને અખાડાઓ, ત્રણેક બેન્ડવાજા ત્રણ રથ ખેંચતા ખલાસી ભાઈઓ અને સાધુઓને જોયાં.

૩. **નીચે આપેલાં વાક્યોમાંથી લાગુ ન પડતો શબ્દ કે આંકડો છેકો.**

૧. ધાત્રીએ રસ્તા પરની દિશાએ પડતી બારીમાંથી / ~~જાળીમાંથી~~ અવનવું દૃશ્ય જોયું.

૨. ધાત્રી, જો 'ગજરાજો' કેવા ઠસ્સાથી ~~સૂંઢ~~ / સૂપડાં જેવાં કાન ઉલાળતાં શણગારેલાં શરીરવાળાં ચાલ્યા આવે છે !

૩. ભક્તોને મળવા ભગવાને / ~~સંતોએ~~ ખુદ દર્શન દેવા જવાનું નક્કી કર્યું.

૪. ભગવાન જગન્નાથ સોળે શણગાર સજીને વાજતે-ગાજતે / ~~ધીમા-ધીમા~~ ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે નગરચર્યાએ નીકળે છે.

- શિક્ષક /વિદ્યાર્થી પ્રવૃત્તિ : તમારા શહેરમાં નીકળતી ભગવાન જગન્નાથની 'રથયાત્રા'ની વિશેષતાઓ નોંધો (સ્વાનુભવ)

૪. **સાચા ઉત્તર સામે ✓ નું નિશાન કરો. (પાઠ્યોત્તર બહુવિકલ્પ પ્રશ્નો )**

**૧. અમદાવાદમાં નીકળતી રથયાત્રામાં મુખ્ય ત્રણ રથ જોવા મળે છે જેમાં - રથ પર ભાઈ બલદેવજી, - રથ પર બહેન સુભદ્રાજી અને - રથ પર ભગવાન જગન્નાથજી બિરાજે છે.**

☑ 'તાલધ્વજ', 'પદ્મધ્વજ', 'નંદીઘોષ'

☐ 'સંયમ', 'ત્યાગ', 'કરુણા'

☐ 'મનોહર', 'રમણકાન્ત', 'મધુસુદન'

☐ 'દાઉજી', 'ભગિની', 'જગન્નાથ'

**૨. ઓડિશા રાજ્યમાં કયા શહેરમાં રથયાત્રા નીકળે છે ?**

☑ જગન્નાથ પુરી ☐ ભુવનેશ્વર

☐ કોણાર્ક ☐ બેરહામપુર

**૩. 'ઓડિશા' રાજ્યમાં ભગવાન જગન્નાથની રથયાત્રાનો આરંભ લગભગ ક્યારે થયો ?**

☑ લગભગ ૮૦૦ વર્ષ પૂર્વે ☐ ઈ.સ. પૂર્વે ૫૦૦ વર્ષ

☐ લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે ☐ લગભગ ઈ.સ. પૂર્વે ૨૫૦ વર્ષ

**૪. ધાત્રીએ 'રથયાત્રા' દરમ્યાન શું શું જોયું ?**

☐ કસરતના દાવ-પેચ

☐ જીમનેસ્ટિક્સ અને કરાટે

☐ દોડની હરિફાઈ

☑ ગજરાજો. ટેબ્લો દર્શાવતી ટ્રકો, ભજનમંડળીઓ, (અખાડા) સાધુસંતો, રથના દોરડા ખેંચતા ખલાસી ભાઈઓ, વહેંચાતો પ્રસાદ

**૫. અમદાવાદમાં ભગવાન જગન્નાથજીના મંદિરેથી કયા દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળે છે ?**

☑ અષાઢી બીજ ☐ નાળિયેરી પૂનમ

☐ શરદપૂર્ણિમા ☐ દિવાળી

## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો**

| | | |
|---|---|---|
| અવનવું | = | નવીન |
| શ્રદ્ધા | = | વિશ્વાસ |
| રસ્તો | = | પંથ, માર્ગ |
| ગજરાજ | = | હાથી |
| સોનું | = | સુવર્ણ |
| વર્ષ | = | સાલ |
| અલૌકિક અદ્‌ભૂત | = | અચરજ પમાડે તેવું |
| ભવ્ય | = | વિશાળ |
| ખેડૂત | = | માર્ગ, કૃષક, કૃષિકાર |
| ભગવાન | = | ઈશ્વર |
| કાષ્ઠ | = | લાકડું |
| ખેતર | = | ખેત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| શરીર | = | તન | ઉલ્લાસ | = | આનંદ, હર્ષ |
| શાંતિ | = | શોરવિહીન | આંખ | = | ચક્ષુ, નયન |
| દિલ | = | હૃદય | સુખ | = | સુખાકારી |

૨. **વિરોધી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સુખ | × | દુઃખ | દૂર | × | પાસે |
| શાંતિ | × | અશાંતિ | નવું | × | જૂનું |

# સંજ્ઞા અને તેના પ્રકાર

**સંજ્ઞા :** જે પદ પ્રાણી, પદાર્થ, લાગણી કે ક્રિયાના ભાવનું વાચક હોય, તેને 'સંજ્ઞા' કહે છે.

**સંજ્ઞાના પાંચ પ્રકાર નીચે પ્રમાણે છે :**

૧. વ્યક્તિવાચક સંજ્ઞા
૨. જાતિવાચક સંજ્ઞા
૩. સમૂહવાચક સંજ્ઞા
૪. દ્રવ્યવાચક સંજ્ઞા
૫. ભાવવાચક સંજ્ઞા

**૧. વ્યક્તિવાચક સંજ્ઞા :** અમુક જ પ્રાણી, પદાર્થ કે સ્થળનો, કે કોઈ એક વર્ગની ચોક્કસ વ્યક્તિ અથવા વસ્તુનો નિર્દેશ કરનારી સંજ્ઞાને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે.
જેમ કે, રામ, લક્ષ્મણ, સીતા, નર્મદા, ગંગા, અમદાવાદ, પાલનપુર, સુરત, મધુસૂદનભાઈ, ગિરનાર, અરવલ્લી, કમળ, બુદ્ધ, લક્ષ્મી, સરસ્વતી, મહાકાલી વગેરે...

**૨. જાતિવાચક સંજ્ઞા :** સમસ્ત જાતિને લાગુ પડતી સંજ્ઞા જાતિવાચક સંજ્ઞા કહેવાય છે.
જેમ કે, સ્ત્રી, પુરુષ, પક્ષી, પ્રાણી, હાથી, વાઘ, પર્વત, નદી, દરિયો વગેરે

**૩. સમૂહવાચક સંજ્ઞા :** સમૂહ કે જથ્થો બતાવતી સંજ્ઞાને સમૂહવાચક સંજ્ઞા કહે છે. જેમ કે, ટોળું, જૂથ, મંડળ, સંઘ, ભંડોળ, સૈન્ય, હાર

**૪. દ્રવ્યવાચક સંજ્ઞા :** જેમાંથી અન્ય ચીજવસ્તુ બને, જે જથ્થામાં દ્રવ્યરૂપે હોય તથા જેની ગણતરી પણ ન થઈ શકે પણ જેને તોલી કે માપી (તોલ-માપ) શકાય તેવી. વસ્તુના નામને દ્રવ્યવાચક સંજ્ઞા કહે છે. જેમ કે, સોનું, ચાંદી, તેલ, ઘી, દૂધ, દાળ, લોટ, કાપડ, રંગ, પેટ્રોલ, ડિઝલ વગેરે

**૫. ભાવવાચક સંજ્ઞા :** મનથી અનુભવાય અને મનુષ્યના ઈન્દ્રિયગ્રાહ્ય નવરસના ગુણને સૂચવતા વિશેષણમાંથી બનાવેલું નામ ભાવવાચક સંજ્ઞા કહેવાય છે.
જેમ કે, ગુસ્સો, ક્રોધ, ધર્મ, યાત્રા, ભલાઈ, બુરાઈ, સેવા, આનંદ, પ્રેમ, રૂદન, નફરત વગેરે...

# કાળ

નીચેનાં વાક્યો વાંચો :

( 1 ) અમે પરીક્ષા **આપીએ છીએ.**

( 2 ) સોનલ ગીત **ગાય છે.**

( 3 ) રાકેશ નીચું જોઈ **બોલ્યો.**

( 4 ) છોકરાં એને **વળગી પડ્યાં.**

( 5 ) મારા મામા આજે **આવશે.**

( 6 ) અમે સાંજે પતંગ **ચગાવીશું.**

ઉપરનાં વાક્યોમાં ઘાટા અક્ષરે લખેલા શબ્દો ક્રિયાપદો છે. પહેલા અને બીજા વાક્યમાં તે ક્રિયા ચાલુ હોવાનો નિર્દેશ કરે છે. ત્રીજા અને ચોથા વાક્યમાં તે ક્રિયા પૂર્ણ થઈ હોવાનો નિર્દેશ કરે છે; જ્યારે પાંચમાં અને છઠ્ઠા વાક્યમાં તે ક્રિયા થવાની સંભાવનાનો નિર્દેશ કરે છે. આમ,

**જે વાક્યમાં ક્રિયા ચાલુ હોવાનો નિર્દેશ હોય તે વાક્ય 'વર્તમાનકાળ' સૂચવે છે.** આપીએ છીએ, ગાય છે, રમે છે, દોડે છે વગેરે વર્તમાનકાળ દર્શાવે છે.

**જે વાક્યમાં ક્રિયા પૂર્ણ થઈ હોવાનો નિર્દેશ હોય તે વાક્ય 'ભૂતકાળ' સૂચવે છે.** બોલ્યો, વળગી પડ્યો, આવ્યો, દોડતો હતો, ખાતો હતો વગેરે ભૂતકાળ દર્શાવે છે.

**જે વાક્યમાં ક્રિયા થવાની સંભાવનાનો નિર્દેશ હોય તે વાક્ય 'ભવિષ્યકાળ' સૂચવે છે.** આવશે, ચગાવીશું, ચીડવશે, રમશે વગેરે ભવિષ્યકાળ દર્શાવે છે.

## સ્વાધ્યાય

**1. નીચેનાં વાક્યો યોગ્ય કાળનો ઉપયોગ કરી પૂરાં કરો :**

( 1 ) ગયા વર્ષે હું ગળતેશ્વર ........

( 2 ) આજે શાળામાં પરીક્ષા ........

( 3 ) આવતા મહિનાથી શાળામાં ........

( 4 ) જીવરામ ભટ્ટ ગઈ કાલે પોતાના ગામમાં ........

( 5 ) મેં પવનદડાને હાથથી ........

**2. નીચે આપેલાં વાક્યો જે કાળમાં લખાયાં છે એના કરતાં જુદા કાળમાં લખો :**

( 1 ) બચુડાના મામા મામલતદાર હતા.

( 2 ) હું પરીક્ષામાં પહેલો નંબર આવીશ.

(3) એ તો હિન્દુસ્તાનના પિતા હતા.

(4) સાંજના સાત થવા આવ્યા હતા.

(5) સાંજ થવા આવી છે.

**3. નીચે આપેલાં વાક્યો કયા કાળમાં છે તે લખો :**

(1) નવા વર્ષની પાર્ટીમાં એને કોણ લઈ જશે?

(2) મેં ગવર્નરને પત્ર લખ્યો હતો.

(3) હું મારા વતનની વાત કરું છું.

(4) ગોંદુ મને ચીડવે છે.

(5) સાંજ સુધીમાં તેઓ અહીં આવી જશે.

માગ્યા મુજબ પત્ર લખો :

( 1 ) તમારી નાની બહેનને શાળાની ગીતસ્પર્ધામાં પ્રથમ ઇનામ મળ્યું છે. તેને અભિનંદન આપતો પત્ર લખો.

મિલન કે. ભાટિયા
5, સમર્પણ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ.
પિનકોડ : 380 013
તા. 3 – 2 – 2017

વહાલી બહેન ઈલા,

તારો પત્ર મળ્યો. તને તારી શાળાની ગીતસ્પર્ધામાં પ્રથમ ઇનામ મળ્યું છે, એ જાણીને મને ઘણો જ આનંદ થયો છે. હું તને તે માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

તને ગાવાનો શોખ છે. એટલે જ પપ્પા તને સંગીતની તાલીમ અપાવી રહ્યા છે. તારી શાળામાં પ્રાર્થનાની ટુકડીમાં પણ તે કાયમી સ્થાન મેળવ્યું છે. તારો કંઠ મધુર છે. મને ખાતરી છે કે તું સંગીતના ક્ષેત્રમાં ઘણી સારી પ્રગતિ કરી શકીશ.

મને તારા મધુર કંઠે ગવાતાં ગીતો સાંભળવાની ઘણી ઇચ્છા થાય છે. હું ઘેર આવું ત્યારે તારાં ગીતો મને ગાઈ સંભળાવીશને? હું તને સારાં ગીતોની એક કૅસેટ મોકલી રહ્યો છું. મને વિશ્વાસ છે કે એ તને ગમશે.

સંગીત ક્ષેત્રે વધુ પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવું છું.

મમ્મી-પપ્પાને મારાં પ્રણામ.

તારા ભાઈ
મિલનના શુભાશિષ